# પરિપત્ર

આથી અત્રેની કૃષિ મહાવિદ્યાલયના અનુસ્નાતક અભ્યાસક્રમ સાથે સંકળાયેલ તમામ વિભાગીય વડાશ્રીઓ તેમજ મુખ્ય માર્ગદર્શકશ્રીઓને જણાવવાનું કે, આપના માર્ગદર્શન હેઠળ એમ.એસસી.(એગ્રી)/એમ.એસસી./પીએચ.ડી.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની રીસર્ચ પ્રોબ્લેમની રુપરેખા (સીનોપ્સીસ) અનુસ્નાતક અભ્યાસનાં વિનિમય સંશોધન નિયામકશ્રી ના પરિપત્ર ક્રમાંક ન.કૃ.યુ /સં.નિ / ટી–૩ /૭૨૧૩ /૨૦૧૫ તા. ૨–૭–૧૫માં દર્શાવવામાં આવેલ વિનિયમ ૩ર.૧માં જણાવ્યા મુજબ બીજા સેમેસ્ટરના અંતમાં જમા કરાવવાની હોય છે. પરંતુ નીચે સહી કરનારના ધ્યાનમાં આવેલ છે કે, કેટલાંક પી.જી.વિધાર્થીઓની સીનોપ્સીસ સમયમર્યાદામાં આવતી નથી જેથી સંશોધન નિયામકશ્રી ની કચેરીએથી મંજુર થયા વિના પરત આવે છે. જે યોગ્ય નથી. અત્રેની કચેરીએથી દરેક વિભાગમાં પી.જી.રુલ્સની નકલ મોકલવામાં આવેલ છે. ઉપરાંત પી.જી.રુલ્સ અને રેગ્યુલેશનની સોફટ કોપી અત્રેની મહાવિદ્યાલયના પેઈજ ઉપર અપલોડ પણ કરવામાં આવેલ છે. છતાં એમનો અમલ થતો હોય તેમ જણાતુ નથી. જેનો ચુસ્તપણે અમલ કરવા અને કામગીરી ને સરળ બનાવવા દરેક માર્ગદર્શકશ્રીઓ એ નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે, સીનોપ્સીસ મોકલતા પહેલાં મુખ્યમાર્ગદર્શકશ્રીએ સીનોપ્સીસ અંદર આપવામાં આવેલ સર્ટીફીકેટ્સ/થીસીસ ટાઈટલ/કમિટિના સભ્યોની સહીસિકકા/વિદ્યાર્થીની સહી વગેરે બાબતોનું બરાબર ચકાસણી કરી વિભાગ મારફતે મોકલવાની અત્રેની કચેરીએથી જાણવવામાં આવે છે.

જા.નં.એસીએન/સી.૩/ ૨૯૩૨-૪૫ /૨૦૧૬

નવસારી.તા.૧૯ –૦૨–૨૦૧૬

આચાર્ય
ન.મ.કૃષિ મહાવિદ્યાલય
નવસારી

**નકલ રવાના :–**

(૧) અત્રેની કચેરીના તમામ વિભાગીય વડાશ્રીઓને પી.જી. મેજર ગાઈડ તરફ જાણ તેમજ અમલ કરવા જણાવવા સારુ.

(૨) નોટીશબોર્ડ કોલેજ / હોસ્ટેલ તરફ તમામ અનુસ્નાતક વિદ્યાર્થીઓની જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ સવિનય રવાના :–**

(૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

(૨) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

D:\mehtaC-3\Paripatra.doc69